| GJBK090023012025 | સત્યમેવ જયતે | દાખલ તારીખ :– | ૨૪/૧૨/૨૦૨૫ | |
|---|---|---|---|---|
| | | રજુ તારીખ :– | ૨૪/૧૨/૨૦૨૫ | | |
| | | ફેસલ તારીખ :– | ૧૭/૦૪/૨૦૨૬ | | |
| | | સમય :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૩ | ૨૪ |

## મહે. ધાનેરાના જયુડિ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,
## મું.ધાનેરા.

**આંક.**

| ફરીયાદી:– | શ્રી સરકાર |
|---|---|
| વિરૂધ્ધ | |
| આરોપીઓ :– | ૧) દિનેશકુમાર બાબુલાલ ખિલેરી(વિશ્નોઈ)<br>રહે.ગોમી થાના ચિતલવાના, તા.ચિતલવાના જી.ઝાલોર(રાજસ્થાન).<br>૨) તરુણ હિરાલાલ રાવલ(બ્રાહ્મણ)<br>રહે. ૧૨,રામેશ્વર પાર્ક સોસયટી કડી–કલોલ રોડ,તા.કડી જી.મહેસાણા. |

| તહોમત :– | ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫ (એઈ),૧૧૬(૨),૯૮(૨),૮૧,૮૩ મુજબ. |
|---|---|

---

**ફરીયાદપક્ષ તર્ફે એ.પી.પી.શ્રી.એમ.એમ.સોલંકી**
**બચાવપક્ષ તર્ફે વિ.વકીલ શ્રી. કે.પી.ખંડેલવાલ**

---

**–: ચુકાદો :–**

(૧) આ કામના આરોપી સામે ધાનેરા પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુનો ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫એઈ,૧૧૬(૨),૯૮(૨),૮૧,૮૩ મુજબનો ગુનો નોધાયેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ તા.૦૯/૧૧/૨૦૨૫ કલાક ૧૭/૩૦ વાગે મોજે સામરવાડા ગામની સીમ દ્વારકાધીશ હોટલથી ડીસા તરફ જતા હાઈવે રોડ ઉપર સ્વીફ્ટ ગાડી નં.જીજે.૦૬.એચ.ડી.૫૭૭૮ માં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ–૫૨ કુલ કિંમત.૯૬,૮૪૭/– તથા સ્વીફ્ટ ગાડી કી.રુ.૨,૦૦,૦૦૦/– તથા એક મોબાઈલ ૧૦,૦૦૦/– મળી કુલ ૩,૦૬,૮૪૭ નો મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એઈ,૧૧૬(૨),૯૮(૨),૮૧,૮૩ મુજબનો ગુનો કરેલાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

(૩) સદરહું ફરિયાદીની ફરિયાદના આધારે પી.એસ.ઓ.એ ગુનો નોધી, આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ, ચાર્જશીટ કરેલું.

(૪) સદરહુ ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી સારૂ અત્રેની અદાલતમાં તબદીલ થયેલું. તે ગુનાનું કોગ્નીઝન્સ લઈ, તે ચાર્જશીટને અત્રેની અદાલતમાં ક્રિમીનલ કેસ રજીસ્ટ્રરે નોધવામાં આવેલું. ત્યારબાદ, આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર રહેલા. આરોપીને પોલીસ પેપર્સની નકલ પુરી પાડી, આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ, આરોપીની પ્લી નોધતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ. ત્યારબાદ,આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૭ | ફરીયાદી અરજણાજી સ્વરૂપાજીની જુબાની |
| ૨. | ૦૮ | ફરીયાદ |
| ૩. | ૦૯ | ત.ક.અ. ગોવિંદભાઈ અરજણભાઈની જુબાની |
| ૪. | ૧૫ | સાહેદ રાજેશકુમાર શંકરલાલની જુબાની |
| ૫. | ૨૦ | પંચ સાહેદ મુળભા સંગ્રામસિંહ સોલંકીની જુબાની |
| ૬. | ૨૧ | પંચનામું |

(૭) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી અને બચાવપક્ષ તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૮) આ કામે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ તા.૦૯/૧૧/૨૦૨૫ કલાક ૧૭/૩૦ વાગે મોજે સામરવાડા ગામની સીમ દ્વારકાધીશ હોટલથી ડીસા તરફ જતા હાઇવે રોડ ઉપર સ્વીફ્ટ ગાડી નં.જીજે.૦૬.એચ.ડી.૫૭૭૮ માં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ-૫૨ કુલ કિંમત.૯૬,૮૪૭/- તથા સ્વીફ્ટ ગાડી કી.રુ.૨,૦૦,૦૦૦/- તથા એક મોબાઈલ ૧૦,૦૦૦/- મળી કુલ ૩,૦૬,૮૪૭ નો મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એઈ,૧૧૬(૨),૯૮(૨),૮૧,૮૩ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા જવાબો નીચે મુજબ છે, જેના કારણો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**-: કારણો:-**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૧૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા આ કામે આંક-૨૦ થી પંચ સાહેદ મુળભા સંગ્રામસિંહ સોલંકીને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણ લેતા, તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલી. તેઓની હાજરીમાં કોઈ પંચનામુ થયેલ નથી. પંચનામાની સહી ઓળખી બતાવેલ છે.ત્યારબાદ,એ.પી.પી.શ્રીએ સદર પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરી,

ફરીયાદ પક્ષ તરફે આ પંચ સાહેદની વિગતવારની ઉંડાણ પુર્વક સુચક પ્રશ્નો દવારા ઉલટ તપાસ કરેલ તેમ છતાં તેઓએ પંચનામાની વિગતને સમર્થન આપેલ નથી.

(૧૧) ત્યારબાદ, આ કામે આંક–૦૭ થી ફરીયાદી અરજણાજી સ્વરૂપાજીને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,તા.૦૯.૧૧.૨૦૨૫ ના રોજ તેઓ એલ.સી.બી. પાનપુર મુકામે અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે તેઓ તથા એલ.સી.બી. સ્ટાફના અ.હેડ.કોન્સ રાજેશકુમાર શંકરલાલ, બકલ નંબર : ૨૦૯૦ તથા આ.પો.કોન્સ. જોરાવરસિંહ ચતુરસિંહ, બકલ નંબર : ૪૧૮ નાઓ સાથે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન ફરતા–ફરતા સામરવાડા ગામની સીમમાં દ્વારકાધીશ હોટલ પાસે આવતા ખાનગીરાહે બાતમી હકિકત મળેલ કે, "રાજસ્થાન તરફથી એક સફેદ કલરની સ્વીફ્ટ ડિઝાયર ગાડી નંબર : GJ–06–HD–5778 વાની આવી રહેલ છે. જેમાં બે ઇસમો બેસેલ છે અને તે ગાડીમાં દરવાજામાં તથા ગીયરબોક્ષમાં તથા ડેસ્કબોર્ડમાં ગુપ્તાખાના બનાવી તેમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી ધાનેરા થઈ સામરવાડા થઇ ડીસા તરફ જનાર છે." તેથી ચોક્કસ અને ભરોસાલાયક બાતમી આધારે સદરહું ગાડીમાં રેઇડ કરવાની હોય નજીક માંથી રાહદારી બે પંચો (૧) દશરથભાઈ હજુરજી ઠાકોર, ઉ.વ. ૨૨, ધંધો–ખેતી, રહે. ચોરા, તા.ડીસા, જિલ્લો–બનાસકાંઠા તથા (૨) મૂળભા સંગ્રામસિંહ સોલંકી, ઉ.વ. ૨૨, ધંધો– મજુરી, રહે. કિંમત, તા.ધાનેરા, જિલ્લો – બનાસકાંઠા વાળાઓને બોલાવી પંચોને હકિકતની સાજ કરી બાતમી મુજબની સ્વીફ્ટ ગાડીની વોચ તપાસમાં હતા તે દરમ્યાન ધાનેરા તરફથી આવતા રસ્તે બાતમી મુજબની સ્વીફ્ટ ગાડી આવતાં તેને હાથ વડે ઈશારો કરતા ચાલકે ગાડી રોકેલ નહિ અને ડીસા તરફ પોતાની ગાડી ભગાવેલ હોય જેથી પોલીસ સ્ટાફ તથા પંચોના માણસો ખાનગી વાહનમાં બેસી તેની પાછળ જતા સદરહુ સ્વીફ્ટ ગાડીના ચાલકે પોતાની ગાડી ખુબ ઝડપથી દોડાવેલ અને વાળવા જતા ડ્રાઈવર સાઇડનો ભાગ તથા પાછળનો ભાગ રોડની બાજુમાં ઉભેલ લીમડાના ઝાડ સાથે ઘસી પાછી વાળી ફરી ધાનેરા તરફ દોડાવેલ હોય જેથી તેઓએ તેની પાછળ–પાછળ જતા તેણે ધાનેરા કારગીલ હોટલથી આગળ જતા ટ્રાફિક હોય પોતાની ગાડી પાછી વાળી કરી સામરવાડા ગામ તરફ દોડાવેલ હોય તેની પાછળ–પાછળ જતા તેણે દ્વારકાધીશ હોટલથી આગળ જવા પોતાની ગાડી રોડની સાઈડમાં ઉભી રાખી બાવળની ઝાડીમાં

નાસવા લાગેલ જેથી પોલીસ સ્ટાફના માણસો તે બંન્ને ઈસમોની પાછળ દોડેલ અને ચાલક ઇસમને પકડી લિધેલ તથા તેની સાથેનો ઇસમ બાવળોની ઝાડીનો લાભ લઇ નાસી ગયેલ હોય ચાલકને જે જગ્યાએ સ્વીફ્ટ કાર મુકી નાસી ગયેલ હોય તે જગ્યાએ લઈ આવી પંચો રૂબરૂ સ્વીફ્ટ ગાડીમાં જોતા બાતમી મુજબની સ્વીફ્ટ ડિઝાયર ગાડી નંબર : GJ–06–HD–5778 વાળી હોય અને જેના ચારેય દરવાજા તથા ડેસ્કબોર્ડ તથા ગીયર બોક્સના ભાગે ગુપ્તખાનામાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ભરેલ હોય જેથી પંચો રૂબરૂ ડ્રાઈવર ચાલકનું નામ–સરનામું પુછતા પોતે પોતાનું નામ દિનેશકુમાર સ/ઓ બાબુલાલ કાલુરામજી ખિલેરી (વિશ્નોઈ), ઉ.વ. ૨૫, ધંધો–ડ્રાઈવીંગ, રહે. ગોમી, થાના ચિતલવાના, તા. ચિતલવાના, જિલ્લા –ઝાલોર (રાજસ્થાન) વાળો હોવાનું જણાવેલ હોય પંચો રૂબરૂ સદરહુ સ્થળે જોતા સ્થળ પર વાહનોની અવર જવર હોય જેથી ગુપ્તા ખાનું ખોલી દારૂ ઉતારવો હિતાવહ ના હોય જેથી પંચો રૂબરૂ ગાડીને ચાલક સાથે રાખી ધાનેરા પોસ્ટે લાવી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો બહાર કાઢી ગણી જોતા કુલ બોટલ નંગ ૫૨ કુલ કીરૂ ૯૬,૮૪૭/–નો એન્ટી ક્યુટી બ્લુ અલ્ટ્રા વીસ્કી ૭૫૦ એમએલ મુદ્દામાલ રાખવા બદલ સદરહું ઈસમ પાસે પાસ પરમીટ માંગતા તે પોતાની પાસે નહિ હોવાનું જણાવેલ હોય મળેલ ઉપરોક્ત બ્રાન્ડમાંથી એક બોટલ સેમ્પલ સારૂ કાઢી લઈ તેના ઉપરના કંપનીના સીલ જે તે હાલતમાં રહેવા દઈ તેના ઉપર પંચોની તથા સાથેના એ.હેડ કોન્સ. રાજેશકુમાર શંકરલાલ નાઓની સહીવાળી કાપલી મુકી દોરાથી બાંધી તેના ઉપર લાખથી PSI LCB BK. અંગ્રેજી માર્કાથી સીલ કરી સેમ્પલની કિ.રૂ. 00/00 ની ગણી તથા બાકીનો ભારતીય બનાવટના બોટલ ઉપર મુજબની વિગતે ગણી તથા સ્વીફ્ટ ગાડી નં. GJ–06–HD–5778 જેના ચેસીસ નંબર જોતા: MA3FJEB 150046789 તથા એન્જીન નંબર જોતા: D13A2303202 જેની કિ.રૂ. ૨,૦૦,૦૦૦/– ની મળી આવેલ સદરહું ચાલકની અંગઝડતી કરતા તેના કબ્જામાંથી એક Oppo CPH2667 કંપનીનો મોબાઈલ મળી આવેલ જેના સીમ નંબર જોતા 9112244736 જેના IMEI નંબર જોતા 866047072110475 તથા 866047072110467 હોય જેની કિં.રૂ.૧૦,૦૦૦/–ગણી પંચો રૂબરૂ કબ્જે કરેલ તેમજ મજકુર આરોપીને પંચો રૂબરૂ મજકુર આરોપીને સદરહું ગાડી માલિક તથા તેમાં ભરેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ ક્યાંથી ભરેલ અને કોને આપવનો હતો તે બાબતે પુછતા આરોપીએ પંચો રૂબરૂ

જણાવેલ કે, "આ ગાડી મારા મિત્ર કુંપસિંહ કરણસિંહ રાજપૂત,રહે.જાનવી કેસુરી, થાના– સરવાણા, તા. સાચોર, જિલ્લા – ઝાલોર (રાજસ્થાન) મોબાઈલ નંબરઃ : 9820877325 નાઓની હોય અને તેઓએ તેમાં દારૂ ભરવા માટે ગુપ્તખાના બનાવેલ હોય અને મને ચલાવવા આપેલ હતી. તથા તેમાં દારૂ મને સજાણાભાઈ દેવાસી, રહે. ગોમી, તા. થાના –ચિતલવાના, તા. ચિતલવાના, જિલ્લા ઝાલોર (રાજસ્થાન) મોબાઈલ–નંબર. 9660188929 વાળાઓ ભરાવી આપેલ હોય અને તે અમદાવાદ લઈ જઈ મને આ સજાણાભાઈને ફોન કરવા જણાવેલ હોય." વિગેરે હકિકત જણાવેલ હોય. જે મતલબનું વિગતવારનું પંચનામું સાથેના અ.હેડ કોન્સ. રાજેશકુમાર શંકરલાલ નાઓના રૂબરૂનુ કલાક ૧૬:૦૦ થી કલાક ૧૭:૩૦ સુધીનું કરી લીધેલ સદર ગુનાની ફરીયાદ તેઓએ ધાનેરા પોસ્ટેમાં આપેલ જે અસલ ફરીયાદ તેમને બતાવવામાં આવે છે જેમા તેમની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક–૦૮ થી રજુ છે.વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ કબુલ રાખે છે કે,એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા છે અને સ્થળે સતત વાહનોની અવર જવર ચાલુ હોય છે.તેમની હાજરીમાં વાહનમાંથી આરોપીની ઓળખ થાય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મળી આવેલ નહી.બનાવ વાળા સ્થળની આજુબાજુમાં ખેતરો આવેલ છે.

(૧૨) ત્યારબાદ, આ કામે આંક–૦૯ થી ત.ક.અધિકારી ગોવિંદભાઈ અરજણભાઈને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ પોતાનીમાં જણાવે છે કે,તેઓ તા.૦૯.૧૧.૨૦૨૫ ના રોજ ધાનેરા પોલીસ સ્ટેશનમાં અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આ બનાવની ફરીયાદ પી.એસ.ઓ દ્વારા નોંધી સદર ગુનાની આગળની તપાસ તેમને આપવામાં આવેલી જેથી તેમને સદર બનાવની તપાસ દરમ્યાન ફરીયાદી તથા સાહેદોના નિવેદન મેળવેલ તથા તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ આરોપી સામે નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.વધુમાં સદર ત.ક.અ. ની આરોપી તર્ફે વિ.વકીલ શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે, એ વાત ખરી નથી કે,આ કામે પંચનામાં પોલીસ સ્ટેશનમાં બેસી લખી લઈ પાછળથી પંચોની સહી કરાવેલ. એ વાત ખરી છે કે, પંચના તથા સાહેદોના નિવેદન સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

(૧૩) ત્યારબાદ, આ કામે આંક–૧૫ થી સાહેદ રાજેશકુમાર શંકરલાલને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,તા.૦૯.૧૧.૨૦૨૫ ના રોજ તેઓ એલ.સી.બી. પાનપુર મુકામે અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે તેઓ તથા એલ.સી.બી. સ્ટાફના અરજણાજી સ્વરૂપાજી તથા આ.પો.કોન્સજોરાવરસિંહ ચતુરસિંહ, બકલ નંબર : ૪૧૮ નાઓ સાથે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન ફરતા–ફરતા સામરવાડા ગામની સીમમાં દ્વારકાધીશ હોટલ પાસે આવતા ખાનગીરાહે બાતમી હકિકત મળેલ કે, "રાજસ્થાન તરફથી એક સફેદ કલરની સ્વીફ્ટ ડિઝાયર ગાડી નંબર : GJ–08–HD–5778 વાની આવી રહેલ છે. જેમાં બે ઈસમો બેસેલ છે અને તે ગાડીમાં દરવાજામાં તથા ગીયરબોક્ષમાં તથા ડેસ્કબોર્ડમાં ગુપ્તાખાના બનાવી તેમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી ધાનેરા થઈ સામરવાડા થઇ ડીસા તરફ જનાર છે." તેથી ચોક્કસ અને ભરોસાલાયક બાતમી આધારે સદરહું ગાડીમાં રેઈડ કરવાની હોય નજીક માંથી રાહદારી બે પંચો (૧) દશરથભાઈ હજુરજી ઠાકોર, ઉ.વ. ૨૨, ધંધો– ખેતી, રહે. ચોરા, તા.ડીસા, જિલ્લો–બનાસકાંઠા તથા (૨) મૂળભા સંગ્રામસિંહ સોલંકી, ઉ.વ. ૨૨, ધંધો– મજુરી, રહે. કિંમત, તા.ધાનેરા, જિલ્લો – બનાસકાંઠા વાળાઓને બોલાવી પંચોને હકિકતની સાજ કરી બાતમી મુજબની સ્વીફ્ટ ગાડીની વોચ તપાસમાં હતા તે દરમ્યાન ધાનેરા તરફથી આવતા રસ્તે બાતમી મુજબની સ્વીફ્ટ ગાડી આવતાં તેને હાથ વડે ઈશારો કરતા ચાલકે ગાડી રોકેલ નહિ અને ડીસા તરફ પોતાની ગાડી ભગાવેલ હોય જેથી પોલીસ સ્ટાફ તથા પંચોના માણસો ખાનગી વાહનમાં બેસી તેની પાછળ જતા સદરહુ સ્વીફ્ટ ગાડીના ચાલકે પોતાની ગાડી ખુબ ઝડપથી દોડાવેલ અને વાળવા જતા ડ્રાઈવર સાઈડનો ભાગ તથા પાછળનો ભાગ રોડની બાજુમાં ઉભેલ લીમડાના ઝાડ સાથે ઘસી પાછી વાળી ફરી ધાનેરા તરફ દોડાવેલ હોય જેથી તેઓએ તેની પાછળ–પાછળ જતા તેણે ધાનેરા કારગીલ હોટલથી આગળ જતા ટ્રાફિક હોય પોતાની ગાડી પાછી વાળી કરી સામરવાડા ગામ તરફ દોડાવેલ હોય તેની પાછળ–પાછળ જતા તેણે દ્વારકાધીશ હોટલથી આગળ જવા પોતાની ગાડી રોડની સાઈડમાં ઉભી રાખી બાવળની ઝાડીમાં નાસવા લાગેલ જેથી પોલીસ સ્ટાફના માણસો તે બંન્ને ઈસમોની પાછળ દોડેલ અને ચાલક ઈસમને પકડી લિધેલ તથા તેની સાથેનો ઈસમ બાવળોની ઝાડીનો લાભ લઈ નાસી ગયેલ હોય ચાલકને જે જગ્યાએ સ્વીફ્ટ કાર મુકી નાસી ગયેલ હોય તે જગ્યાએ લઈ આવી

પંચો રૂબરૂ સ્વીફ્ટ ગાડીમાં જોતા બાતમી મુજબની સ્વીફ્ટ ડિઝાયર ગાડી નંબર : GJ–06–HD–5778 વાળી હોય અને જેના ચારેય દરવાજા તથા ડેસ્કબોર્ડ તથા ગીયર બોક્સના ભાગે ગુપ્તખાનામાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ભરેલ હોય જેથી પંચો રૂબરૂ ડ્રાઈવર ચાલકનું નામ–સરનામું પુછતા પોતે પોતાનું નામ દિનેશકુમાર સ/ઓ બાબુલાલ કાલુરામજી ખિલેરી (વિશ્નોઈ), ઉ.વ. ૨૫, ધંધો–ડ્રાઈવીંગ, રહે. ગોમી, થાના ચિતલવાના, તા. ચિતલવાના, જિલ્લા –ઝાલોર (રાજસ્થાન) વાળો હોવાનું જણાવેલ હોય પંચો રૂબરૂ સદરહુ સ્થળે જોતા સ્થળ પર વાહનોની અવર જવર હોય જેથી ગુપ્ત ખાનું ખોલી દારૂ ઉતારવો હિતાવહ ના હોય જેથી પંચો રૂબરૂ ગાડીને ચાલક સાથે રાખી ધાનેરા પોસ્ટે લાવી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો બહાર કાઢી ગણી જોતા કુલ બોટલ નંગ ૫૨ કુલ કીરૂ ૯૬,૮૪૭/–નો એન્ટી ક્યુટી બ્લુ અલ્ટ્રા વીસ્કી ૭૫૦ એમએલ મુદ્દામાલ રાખવા બદલ સદરહું ઈસમ પાસે પાસ પરમીટ માંગતા તે પોતાની પાસે નહિ હોવાનું જણાવેલ હોય મળેલ ઉપરોક્ત બ્રાન્ડમાંથી એક બોટલ સેમ્પલ સારૂ કાઢી લઈ તેના ઉપરના કંપનીના સીલ જે તે હાલતમાં રહેવા દઈ તેના ઉપર પંચોની તથા સાથેના એ.હેડ કોન્સ. રાજેશકુમાર શંકરલાલ નાઓની સહીવાળી કાપલી મુકી દોરાથી બાંધી તેના ઉપર લાખથી PSI LCB BK. અંગ્રેજી માર્કાથી સીલ કરી સેમ્પલની કિ.રૂ. 00/00 ની ગણી તથા બાકીનો ભારતીય બનાવટના બોટલ ઉપર મુજબની વિગતે ગણી તથા સ્વીફ્ટ ગાડી નં. GJ–06–HD–5778 જેના ચેસીસ નંબર જોતા: MA3FJEB 150046789 તથા એન્જીન નંબર જોતા: D13A2303202 જેની કિ.રૂ. ૨,૦૦,૦૦૦/– ની મળી આવેલ સદરહું ચાલકની અંગઝડતી કરતા તેના કબ્જામાંથી એક Oppo CPH2667 કંપનીનો મોબાઈલ મળી આવેલ જેના સીમ નંબર જોતા 9112244736 જેના IMEI નંબર જોતા 866047072110475 તથા 866047072110467 હોય જેની કિં.રૂ.૧૦,૦૦૦/–ગણી પંચો રૂબરૂ કબ્જે કરેલ તેમજ મજકુર આરોપીને પંચો રૂબરૂ મજકુર આરોપીને સદરહું ગાડી માલિક તથા તેમાં ભરેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ ક્યાંથી ભરેલ અને કોને આપવનો હતો તે બાબતે પુછતા આરોપીએ પંચો રૂબરૂ જણાવેલ કે, "આ ગાડી મારા મિત્ર કુંપસિંહ કરણસિંહ રાજપૂત,રહે.જાનવી કેસુરી, થાના– સરવાણા, તા. સાચોર, જિલ્લા – ઝાલોર (રાજસ્થાન) મોબાઈલ નંબરું : 9820877325 નાઓની હોય અને તેઓએ તેમાં દારૂ ભરવા માટે ગુપ્તખાના બનાવેલ હોય અને મને ચલાવવા આપેલ હતી. તથા

તેમાં દારૂ મને સજાણાભાઈ દેવાસી, રહે. ગોમી, તા. થાના –ચિતલવાના, તા. ચિતલવાના, જિલ્લા ઝાલોર (રાજસ્થાન) મોબાઈલ–નંબર.9660188929 વાળાઓ ભરાવી આપેલ હોય અને તે અમદાવાદ લઈ જઈ મને આ સજાણાભાઈને ફોન કરવા જણાવેલ હોય." વિગેરે હકિકત જણાવેલ હોય. જે મતલબનું વિગતવારનું પંચનામુ સાથેના અ.હેડ.કોન્સ. રાજેશકુમાર શંકરલાલ નાઓના રૂબરૂનુ કલાક ૧૬.૦૦ થી ૧૭.૩૦ સુધીનું કરી લીધેલ સદર ગુનામાં પોલીસે તેમનું નિવેદન લીધેલ.વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ કબુલ રાખે છે કે,એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા છે અને સ્થળે સતત વાહનોની અવર જવર ચાલુ હોય છે. તેમની હાજરીમાં વાહનમાંથી આરોપીની ઓળખ થાય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મળી આવેલ નહી. બનાવ વાળા સ્થળની આજુબાજુમાં ખેતરો આવેલ છે.

(૧૫) આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ આ કામે ફરીયાદપક્ષે તપાસેલા પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી તેમજ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ આ કામે ત.ક.અમલદાર એ પોલીસના માણસ છે અને તેઓ હિત ધરાવનાર છે, આ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવા રજુ કરેલ નથી. ફરીયાદની વિગત નિ:શંકપણે પુરવાર કરેલ નથી, પંચ સાહેદ પણ પંચનામાની વિગતને સમર્થન આપતા નથી.મુદ્દામાલ આરોપીના કબજા વાળા વાહન માંથી મળેલ હોય તે પુરવાર થતું નથી. તે સંજોગોમાં સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૧ અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫એઈ,૧૧૬(૨),૯૮(૨),૮૧,૮૩ મુજબના ગુનામાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે મુદ્દામાલ પાવતીથી કબજે લીધેલ મુદામાલનો દારૂ અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્દામાલ વાહન અને મોબાઈલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ અપીલ સમય

બાદથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો આવો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો સદરહું મુદ્દામાલ વાહન તથા મોબાઈલ ફોન અંગે મુળ માલિકની ખરાઈ કરી અપીલ સમય વિત્યા બાદ મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે પ્રત્યેક આરોપીના જામીન તથા જાત મુચરકો અપીલના સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના નવા જામીન તથા એટલીજ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| મુ. ધાનેરા.<br>તા.૧૭/૦૪/૨૦૨૬ | **(હરપ્રિત સિંઘ)**<br>જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ, ધાનેરા.<br>જી.જે.૦૧૪૨૭ |